**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૯ ટકા

# વરસાદી માહોલમાં ચાના રસિયાઓની જમાવટ

## ચાની લારીઓ પર જામતી ભીડ : કુલ્લડ ચાનો નવો ટ્રેન્ડ



ગાંધીનગર, તા.૧૮

જરાક વરસાદ શરૂ થાય ત્યાં તો ગાંધીનગરનાઓ ચાની લારીઓ પર જમાવડો કરી દે છે. છેલ્લા ત્રણ દિવસથી વરસાદી વાતાવરણ છવાયું છે ત્યારે ચાની લારીઓ પર ભારે ભીડ જોવા મળી રહી છે.

ગાંધીનગરાઓનું પ્રિય પીણું એટલે ચા. વસાહતીઓ ચાના રસિયાઓ છે. હજુ તો વરસાદ શરૂ થયો હોય અને વાતાવરણમાં ઠંડક થવી શરૂ થઈ હોય ત્યાં તો ચાના રસિયાઓ ચાની લારીઓ પર પહોંચી જાય છે. કોફી ગમે એટલે એલીટ કલાસની ગણાય અને કોફી પીવી સ્ટેટસ સિમ્બોલ ગણાતું હોય પરંતુ ગાંધીનગરાઓ તો ચાના રસીયાઓ છે. અમદાવાદ ગાંધીનગરની સાવ નજીક હોવાથી અમદાવાદીઓની ઓળખ એવી 'અડધી ચા' ગાંધીનગરાઓએ ખૂબ જ સહેલાઈથી અપનાવી લીધી છે.

ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું છે. દરરોજ એકાદ-બે ઝાપટાં પડી રહ્યા છે. કયારેક ધોધમાર તો કયારેક ઝરમર વરસાદ વરસી રહ્યો છે. આવી આહલાદક મોસમમાં ચાની યાદ તો પહેલા આવી જ જાય. શહેરની મોટાભાગની કીટલીઓ પર ચાના રસિયાઓનો જમાવડો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સરકારી કર્મચારીઓ ચાની કીટલીઓ પર અને કેન્ટીનમાં 'ચા' સાથે ચર્ચા કરવા ઉમટી પડે છે. મીના બજારની મોટાભાગની ચાની કીટલીઓ પર કર્મચારીઓનો જમાવડો જોવા મળી રહ્યો છે. નવા સચિવાલયની તમામ કેન્ટીનોમાં સવાર સાંજ કર્મચારીઓ જોવા મળી રહ્યા છે. ચાની સાથે ભજીયા, ગોટા અને દાલવડાની જયાફત ઉડી રહી છે. સચિવાલય ઉપરાંત ઈન્ફોસીટી, રીલાયન્સ ચોકડી અને ક-૭ વિસ્તારની ચાની કીટલીઓ પર ભારે ભીડ જોવા મળી રહી છે.

### કુલ્લડ ચાનો નવો ટ્રેન્ડ

**ગાંધીનગરાઓ ચાના રસિયાઓ છે. જરા ઠંડક થાય ત્યાં તો ગાંધીનગરાઓ ચા ની લારીઓ પર જમાવડો કરી દે છે. જો કે યુવાનોમાં કુલ્લડ ચાનો નવો ટ્રેન્ડ જોવા મળે છે. કુલ્લડ ચાની ફેન્ચાઈઝી ઠેર ઠેર ખુલી ગઈ છે. ખાસ કરીને ન્યુ ગાંધીનગર કહેવાતા રીલાયન્સ ચોકડી વિસ્તાર અને ઈન્ફોસીટી વિસ્તારમાં કુલ્લડ ચાની વિવિધ શોપ્સ જોવા મળે છે. 'ચાઈજી', 'ટી પોસ્ટ', 'ટી હબ', 'ચાયવાલા' જેવી બ્રાન્ડેડ ચાની શોપ્સમાં પણ યુવાનોનો જમાવડો જોવા મળી રહ્યો છે.**



# સેક્ટર-૮-બીમાં વરસાદી પાણીથી ત્રાહિમામ





ગાંધીનગરના ખાસ વીઆઈપી સેકટર-૮-બીમાં પ્લોટ નંબર ૪૪૮/૧ તેમજ પ્લોટ નંબર ૪૪૭/૧ નજીકના તમામ રહીશો દર ચોમાસામાં ભરાતા વરસાદી પાણીથી ત્રાહિમામ થઈ ગયા છે. આ બાબતે સત્તાધીશોને વારંવાર રજૂઆત કરવામાં આવી હતી છતાં આજ દિન સુધી નિરાકરણ થયું નથી. વરસાદી પાણી ભરાવાથી રોગચાળો ફેલાય છે. ચૂંટણી ટાણે મત માંગવા આવતા રાજકારણીઓ સત્વરે આ સમસ્યાનો ઉકેલ લાવે તેવી સેકટર-૮-બીના રહીશોની આશા છે.

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સીટી સાથે તા.૩૧/૧૦/૨૦૨૦ના રોજ શારીરિક શિક્ષણ, સાહસપૂર્ણ રમતો, સ્પોર્ટસ સાયન્સ તથા સ્પોર્ટસ જર્નલિઝમ અને માસ મીડિયા ટેક્નોલૉજી જેવા ક્ષેત્રોમાં શિક્ષણ, સંશોધન અને તાલીમ અંગે પ્રોત્સાહન અને સહકાર માટે સમજુતી કરાર કરવામાં આવ્યાં હતા. આ સમજૂતીના મહત્વના ભાગ રૂપ ૭ દિવસનો ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ તા.૧૧/૦૬/૨૦૨૧ થી તા.૧૭/૦૬/૨૦૨૧ સુધી યોજવામાં આવ્યો હતો. જેમાં કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સીટી સંલગ્ન સંસ્થાઓના અધ્યાપકો, પ્રાધ્યાપકો, શારીરિક શિક્ષણ નિયામકો તથા કોચીઝ ઉત્સાહ પૂર્વક જ્ઞાનવર્ધન કર્યું હતું.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અર્જુનસિંહ રાણાએ જણાવ્યું કે કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સીટીના તમામ શારિરીક શિક્ષણના તજજ્ઞો માટે આ એક કેપ્સુલ કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. આ ૭ દિવસમાં જુદા જુદા ૧૫ વિષય નિષ્ણાંત દ્વારા રજીસ્ટ્રેશન થયેલ સહભાગીઓને વિવિધ પ્રકારનું નોલેજ (જ્ઞાન) આપવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ ફક્ત આ યુનિવર્સિટી પૂરતા સિમિત ના રહેતા દેશની તમામ યુનિવર્સિટીમાં રમત ગમત અને શારીરિક શિક્ષણના તજજ્ઞ સુધી પહોંચવાની નેમ સાથે શરુ કરવામાં આવેલ છે. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ માટે રમતગમત, યુવા તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના મંત્રીશ્રી ઈશ્વરસિંહજી પટેલ દ્વારા શુભાશિષ તથા ધન્યવાદ પાઠવવામાં આવ્યા હતા.

# ગાંધીનગરમાં છેલ્લા ત્રીસ દિવસમાં પોણા ચાર લાખ નાગરિકોનું વેકિસનેશન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં કોરોનાના કેસ નહિવત થઈ ગયા છે ત્યારે કોરોના સામે લડવા માટે વેકિસનેશન જ એક શસ્ત્ર છે. ગાંધીનગરમાં જયારે વેકિસનેશનની શરૂઆત થઈ તે સાથે યુવાનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો તે હવે ધાર્યા કરતા ઓછો થતો હોય તેવું જોવા મળી રહ્યું છે. ગાંધીનગરમાં અત્યાર સુધીમાં પહેલા ડોઝમાં ૬.૨૩ લાખ તથા બીજા ડોઝમાં ૧.૫૧ લાખ નાગરિકોને વેકિસાનોશન કરાયું છે. ગુજરાતમાં ૧૬ જાન્યુઆરીથી વેકિસાનોશનાની શરૂઆત કરવામાં આવી હતી જેમાં ૧૧મે ના રોજ સૌથી વધુ ૨.૬૮ લાખ લોકોને વેકિસન મુકવામાં આવી હતી. હવે સરકાર દ્વારા વેકિસનેશનનો વધારો કરી એક જ દિવસમાં ૩ લાખથી વધુ લોકોને વેકિસન આપવાનું આયોજન કરવામાં આવ્યુ છે. છેલ્લા ત્રીસેક દિવસમાં ગાંધીનગરમાં ત્રણ લાખ છોત્તેર હજાર નાગરિકોનું વેકિસનેશન કરવામાં આવ્યું છે. જેમાં ૧૮ થી ૪૪ વય જૂથમાં ૮૧,૨૨૫ ૪૫ થી ૬૦ વયજૂથમાં ૧,૨૦,૫૨૧ અને ૬૦થી વધુની વયજૂથમાં ૮૧,૮૦૩ નાગરિકોએ વેકિસનેશન કરાવ્યુ છે. યુવાનોમાં પહેલા વેકિસનેશન માટેનો જે ઉત્સાહ હતો તે દિવસે ને દિવસે ઓછો થતો જોવા મળ્યો છે એટલે વેકિસાન લેવાની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. બીજી લહેર ઓછી થઈ ગઈ છે પણ તજજ્ઞોના જણાવ્યા મુજબ ત્રીજી લહેર સંભવિત છે. તેથી જેમ પહેલું વેકિસનેશન વધશે તેમ બીજા ડોઝ માટે ટાઈમ મળી રહેશે.



### કોને-કેટલી વેક્સિન લીધી

| ઉંમર | સંખ્યા |
|---|---|
| ૧૮ થી ૪૪ | ૮૧,૨૨૫ |
| ૪૫ થી ૬૦ | ૧,૨૦,૫૨૧ |
| ૬૦થી વધુ | ૮૧,૮૦૩ |

### કઈ વેક્સિન કેટલાએ લીધી

કોવિશિલ્ડ - ૩,૪૨,૨૫૫ કોવેક્સિન - ૩૨,૮૭૯

# ન્યુ વાવોલમાં ભરાઈ રહેતા વરસાદી પાણીથી નાગરિકો પરેશાન





ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં ચોમાસાના પહેલા સામાન્ય વરસાદે જ ઠેર ઠેર વરસાદી પાણી ભરાવાની સમસ્યા સર્જી છે. શહેરના ન્યુ વાવોલ વિસ્તારમાં પમ્પિંગ સ્ટેશનની પાછળ અને સંકલ રેસિડેન્સીની આગળ વરસાદમાં ઢીંચણ સુધી વરસાદી પાણી ભરાયાં છે અને પાણી નીકળવાનો રસ્તો ના હોવાના કારણે પાણી સુકાય નહિ ત્યાં સુધી ભરાઈ રહે છે. વરસાદી પાણીના ભરાવાને કારણે આસપસની સોસાયટીના રહીશોને ખુબજ મુશ્કેલીઓ પડે છે, માખી મચ્છરનો ઉપદ્રવ વધે છે જેથી રોગચાળો ફાટી નીકળવાની શકયતા રહે છે તેમજ રહીશોના વાહનો પણ ખરાબ થાય છે. આ સમસ્યાને અનુલક્ષીને વાવોલના અગ્રણી તેમજ વોર્ડ નં. ૭ના ઉમેદવાર દેવેન્દ્રસિંહ ગોલ દ્વારા તેનો નિકાલ લાવવા જવાબદાર તંત્ર સત્વરે પગલાં ભરે તેવી માંગ વ્યક્ત કરવામાં આવી છે.

## જન્મદિને વધામણી



તીર્થ સંજયભાઈ ચુડાસમા
મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫



વિરાજ
વિનોદભાઈ મેણાત



દિવ્ય પટેલ



અભિષેક નંદન



હુમેરા તેલી
મો. ૭૮૭૮૧ ૪૨૩૪૬

## યોગા વીકની ઉજવણી

એસ.કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં 'યોગા વીક' ઉજવવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ ઓનલાઈન ક્લાસમાં ઉત્સાહ પૂર્વક વિવિધ યોગા કર્યા હતા. આ યોગા વીક રાખવાનો મુખ્ય ધ્યેય બાળકોના સારા વિકાસ અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટેનો હતો.

# સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ખાતે યોગ શિબિરનો ૧૫મીથી પ્રારંભ



ગાંધીનગર, ત.૧૮

વિશ્વ યોગ દિવસ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ભાટ, ગાંધીનગર અને શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક દ્વારા ઓનલાઈન યોગ શિબિરમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો દ્વારા સવારે પોતપોતાના ઘરેથી કોલેજની યુ ટયુબ ચેનલના માધ્યમથી યોગ પ્રશિક્ષક દ્વારા યોગ કરાવવામાં આવ્યા હતા. આ શિબિરના આયોજન માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ના અધ્યક્ષ શ્રી યોગ સેવક શીશપાલજી રાજપૂતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું . આ યોગ શિબિરમાં ૧૫૦૦થી વધુ શિબિરાર્થીઓ જોડાયા હતા. ૧૫મી જૂન યોગ શિબિરની શરૂઆત કરવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પ્રજાપતિ પુષ્પાબેન સોમચંદ, ઉ.વ. ૭૦, સે-૨૫, જીઆઈડીસી
- સ્વ. વાઘેલા રણજીતસિંહ નારણસિંહ, ઉ.વ. ૪૪, લેકાવાડા
- સ્વ. ચૌહાણ નંદકિશોર શંકરલાલ, ઉ.વ. ૬૨, સેકટર-૧૩

# ખુલ્લામાં શૌચક્રિયા કરતા શ્રમિકોથી રહીશો ત્રાહિમામ્..!!

**કુડાસણમાં બેરિલ સ્કીમને પાંચ હજારનો દંડ થઈ ચુક્યો હોવા છતાં બિલ્ડર દ્વારા શ્રમિકો માટે પુરતાં શૌચાલયની સુવિધા નથી કરાઈ : ખુલ્લામાં શૌચ કરતા ક્ષમિકોને કારણે સામેની હરિધામ એન્કલેવ સોસાયટીના રહીશો ત્રસ્ત : દુર્ગંધયુક્ત માહોલ સાથે મહિલાઓને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું**





ગાંધીનગર, તા. ૧૮

દેશભરમાં ''ઘર ઘર સૌચાલય'' અભિયાન ચલાવાયું જે સાથે સાથે ખુલ્લામાં શૌચક્રિયાને અયોગ્ય વર્તન તરીકે લેખાવવામાં આવ્યું છે પરંતુ હજુ પણ અનેક સ્થળે આ બાબતને ગંભીરતાથી લેવામાં આવતી નથી. ગાંધીનગરના કુડાસણ ખાતેની બેરિલ સ્કીમના આશરે એકસોથી વધુ શ્રમિકો દરરોજ ખુલ્લામાં કુદરતી હાજત કરવાની પ્રવૃત્તિના કારણે નજીકની રહેણાંક સોસાયટીના રહીશો પારાવાર પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. આશ્ચર્યની વાત તો એ છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્કીમને એકવાર તો રૂપિયા પાંચ હજારનો દંડ ફટકારવા છતાં આ પ્રવૃતિ બંધ કરવા બિલ્ડર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી તેવો ફરિયાદી રહીશો દ્વારા દાવો કરાયો છે.

કુડાસણના હરિધામ એન્કલેવ સોસાયટીના રહીશો દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિત ફરિયાદ કરવામાં આવી છે કે તેમની સોસાયટીની સામે જ આકાર લઈ રહેલી બેરિલ સ્કીમના બિલ્ડર દ્વારા તેમની સ્કીમ પર બાંધકામ કાર્ય સાથે સંકળાયેલા આશરે એકસોથી વધુ શ્રમિકો માટે બિલ્ડર દ્વારા પુરતા સૌચાલયોની વ્યવસ્થા કરવામાં આવી નથી જેના કારણે આ શ્રમિકો નજીકના ખુલ્લા વિસ્તારમાં જ કુદરતી હાજતે જાય છે અને તેના કારણે પ્રસરતી દુર્ગંધ સહિતની તકલીફો હરિધામ એન્કલેવના રહીશોને ભોગવવી પડી રહી છે. પુરૂષ શ્રમિકોના ખુલ્લામાં કુદરતી હાજત જવાને કારણે હરિધામની મહિલાઓને ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બની રહ્યું છે અને ક્યારેક તો શ્રમિકોની બિભત્સ ટીખળનો પણ સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાથી ત્રસ્ત હરિધામ એન્કલેવના રહીશોએ બેરિલ સ્કીમના કોન્ટ્રાક્ટરોને અનેકવાર મૌખિક તથા લેખિત રજુઆતો કરી હોવા છતાં તેમની સમસ્યાનું નિરાકરણ આવતું નથી, એટલું જ નહી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ સ્કીમને રૂપિયા પાંચ હજારનો દંડ ફટકારાયો હોવા છતાં બિલ્ડર દ્વારા કાયદાનુસાર શ્રમિકો માટે પુરતા પ્રમાણમાં શૌચાલયની જે સુવિધા કરવી જોઈએ તે બાબતે આંખ આડા કાન કરાઈ રહ્યાં છે. નિયમોના લીરેલીરા ઉડાડતા બિલ્ડર અને સ્વછંદી વ્યવહાર કરતા કોન્ટ્રાકટર્સ-શ્રમિકોથી ત્રસ્ત હરિધામ એન્કલેવના રહીશોએ લેખિત રજુઆત કરી આ સમસ્યા ઉકેલવા માંગ કરવા સાથે જો પરિસ્થિતિ અસહ્ય બનશે તો રહીશો ઉગ્ર આંદોલન માટે પણ તૈયાર હોવાની ચિમકી ઉચ્ચારી છે.